**PRESS RELEASE**

# iNSiGHT

THE CONSUMER MAGAZINE

Ref.:ER/PR/AI-TH/BESAN

## ચણાનાં લોટ (બેસન)ની ૧૨ બ્રાન્ડોનું પરિક્ષણ કરાયુ - ૬ બ્રાન્ડ નિષ્ફળ

ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી, અમદાવાદ તરફથી પ્રકાશિત **ઇનસાઇટ - ધ કન્ઝયુમર મેગેઝીન (માર્ચ - એપ્રિલ ૨૦૦૭)** ના અંકમાં પોતાની જ પ્રયોગશાળામાં **ચણાનાં લોટ**ની ૧૨ બ્રાન્ડ અને ૨ છૂટક નમુનાઓનું પરિક્ષણ કરાએલ. તે પૈકી **"ગાય છાપ," "શક્તિ ભોગ"** અને **"શ્રેષ્ઠ"**ને ખરીદી માટે ઉત્તમની ભલામણ કરવામાં આવી છે.

પોષણક્ષમ, રસાયણ અને લેબલ લગાડવાનાં ૧૫ બિન્દુપરિમાણો સામે ચણાનાં લોટનું પ્રયોગશાળામાં પરિક્ષણ કરવામાં આવેલ. બધાજ પરિક્ષણો બ્રાન્ડ ઉપરનાં લેબલ પર અવધિની લગાડેલ મુદ્દત દરમ્યાન જ કરવામાં આવેલ હતા.

કોઇ ઉત્પાદનનું મદ્યસાર અને અમ્લતા સંબંધિનું પરિક્ષણ એક નિર્ણાયક બિન્દુપરિમાણ છે, ઉત્પાદનના તાજાપણાંને તે દ્વારા જ નક્કી કરાય છે. જે કોઇ ઉત્પાદનમાં મદ્યસાર અમ્લતાનું પ્રમાણ જેટલું વધારે તેટલી ખોરી ગંધ વધુ. એગમાર્ક અન્વયે ગ્રેડ - ૧ માટે અમ્લતાનું મહત્તમ્ પ્રમાણ ૦.૧૨ ટકા અને ગ્રેડ - ૨ માટે ૦.૧૮ ટકા છે. **"ગોપાલ"** માં મદ્યસાર સંબંધી અમ્લતાનું પ્રમાણ ૦.૨૦ ટકા જણાએલ. ગ્રેડ-૧ ના બન્ને એટલે કે **"ચાહત"** અને **"રાજધાની"**માં મહત્તમ મદ્યસાર અમ્લતા અનુક્રમે ૦.૧૫ અને ૦.૧૩ ટકા હોવાનું જણાયું હતું. આ ઉપરથી એવું ફલિત થયું હતું કે સદર બ્રાન્ડઝ તાજી નહતી.

મદ્યસાર સંબંધી અમ્લતાનું સૌથી ઓછું પ્રમાણ **"બી.એચ.મોદી"**માં (૦.૦૮ ટકા) અને **"ગાય છાપ"**માં (૦.૦૯ ટકા) જણાયું હતું. આ ઉપરથી કહી શકાય કે ચકાસવામાં આવેલ બ્રાન્ડઝ પૈકી સદર બ્રાન્ડઝ તાજી હતી.

ભારતીય માનક એવું કહે છે કે ચણાનાં લોટમાં પ્રોટીનનું ઓછામાં ઓછું પ્રમાણ ૨૧.૦ ટકા હોવું જ જોઇએ. કોઇપણ બ્રાન્ડઝ ઉપર ભારતીય માનકોના ચિન્હ નહતા કારણ કે બેસનનાં બ્રાન્ડ ઉપર ISI માર્ક ફરજીયાત નથી. આમ છતાં, ભારતીય માનકો અન્વયેની મર્યાદાઓ પ્રમાણે ઉત્પન્ન પરિણામોને જો તપાસીએ તો પ્રોટીનનાં લઘુત્તમ પ્રમાણ સામે **"ગોપાલ"** અને **"જનતા બજાર"** નિષ્ફળ નિવડેલ. અનુક્રમે તેમાં ૧૩ ટકા અને ૧૮.૮ ટકા પ્રોટીન હતું. આથી એવું ફલિત થાય છે કે આ ઉત્પાદનો ઉતરતી ગુણવત્તાવાળા હતા. આજ સંદર્ભમાં **"મેડમ"** માં ૨૦.૩ ટકા અને **"ગૃહસ્થી"** માં ૨૦.૦ ટકા નું પ્રોટીન જણાયું હતું.

સુક્ષ્મ પરિક્ષણ કરાયું ત્યારે **"ગોપાલ"** ભારતીય માનકનાં નિર્દેશ મુજબ દેખાવમાં ઉત્તિર્ણ થયેલ નહીં જે ભેળસેળ દર્શાવે છે.

ઘણી બ્રાન્ડઝ તેનાં ઉપર પેકેટ પર લગાડેલ લેબલમાં દર્શાવેલ વજન કરતાં ઓછી વજનવાળી માલુમ પડેલ.

૫૦૦ ગ્રામ પેકેટનાં દસ પેકેટો ચકાસ્યા તે પૈકી **"બી.એચ.મોદી"**ના ૭, **"જનતા બજાર"**, **"ગૃહસ્થી"** અને **"રાજધાની"** એમ પ્રત્યેકનાં ૬, **"શ્રેષ્ઠ"**નાં ૩, **"શક્તિ ભોગ"**નાં ૨, અને **"લાકડાજી"** તેમજ **"ગોપાલ"** પ્રત્યેકનાં ૧ પેકેટનું વજન લેબલમાં જણાવ્યા કરતાં ઓછું હતું.

**સ્વસ્તિક**નાં ૧ કિલો ગ્રામ પેકેટનાં ૫ પેકેટો અને **"ચાહત"** ના ૧ પેકેટ ઓછા વજનનાં જણાયેલ.

..૨..

Opinions,tet results and research findings issued through this Press Release cannot be used in any form directly or indirectly for advertising, promotional or commercial purpose.

CERS

**CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY**

"Suraksha Sankool", Thaltej, Ahmedabad-Gandhinagar Highway,Ahmedabad -380054

Phone: 079-27489945-46, 27450528, 30121001-02-03 Fax: 079-27489947

Email: cerc@cercindia.org Home Page : www.cercindia.org

## લેબલીંગ

**"જનતા બજાર"** અને **"ગોપાલ"** નાં પેકેટો ઉપર શાકાહારીની સંજ્ઞા નહતી.

**"જનતા બજાર"**, **"લાકડાજી"** અને **"ગોપાલ"** નાં લેબલમાં લૉટ નંબર કે બેચ નંબર દર્શાવેલ નહતા.

પરિક્ષણ હેઠળની ૧૨ બ્રાન્ડઝ પૈકી નીચેના ૬ ઉપર એગમાર્ક પ્રમાણીકરણનું ચિન્હ હતું. **"ગાય છાપ"** (ગ્રેડ-૨) **"લાકડાજી"** (સ્પેશીઅલ) **"ચાહત"** (ગ્રેડ-૧), **"શ્રેષ્ઠ"** (સ્ટાન્ડર્ડ), **"રાજધાની"** (ગ્રેડ-૧) અને **"સ્વસ્તીક"** કોઇ ગ્રેડ દર્શાવેલ નથી.

## ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી દ્વારા કાર્યવાહી

અમે ખોરાકી ચીજોમાં ભેળસેળ અટકાવવાનાં ધારા (PFA Act)માં ચણાનાં લોટ (બેસન)ની બારીકી અને તેમાં સમાનતા, ભેજ, મદ્યસાર સંબંધી અમ્લતા અને પ્રોટીન પરિક્ષણનો સમાવેશ કરવાની ભલામણ કરી છે.

બધી જ બ્રાન્ડઝ ફૂગ, જંતુનો ઉપદ્રવ, કર્તનકારી પ્રાણીઓનાં વાળ અને અઘાર, રંગ ચડાવવા બાબત અને સરકો અને કેસરી દાળના લોટ અંતર્ગત બિન્દુ પરિમાણોનાં પરિક્ષણમાં ખરી ઉતરી હતી.

નિર્ધારિત નિતિ પ્રમાણે અમે બધા પરિણામો પ્રસિધ્ધ કરતાં પૂર્વે બધા ઉત્પાદકોને પરિક્ષણનાં પરિણામોની તેમનાં મંતવ્યો અને ટીકા મોકલાવવા લખી જણાવીએ છીએ જેમાં દરેકને માત્ર તેનાં જ ઉત્પાદનનાં પરિણામોની જાણ કરીએ છીએ.

રાજધાનીએ પોતાનાં પેકેટોમાં વજનની ઘટ હોવા બાબત દુ:ખ વ્યકત કરતાં ખાત્રી આપેલ છે કે ભવિષ્યમાં કંઇ ઘટ ન આવે તે માટે ચોકસાઇ રાખશે.

ગુણાંક અને ક્રમાંકની વિગતો, ખરીદવા માટે ઉત્તમની ભલામણ અને ઉત્પાદકો સાથેનાં પત્ર-વ્યવહાર અને તેમના ખુલાસાઓનાં અંશો **ઇનસાઇટ - ધી કન્ઝ્યુમર મેગેઝીનનાં માર્ચ - એપ્રિલ ૨૦૦૭ નાં** અંકમાં વિગતવાર પ્રસિધ્ધ કરાયા છે.

**તા. ૧૨-૪-૨૦૦૭**
**સ્થળ : અમદાવાદ**

**પ્રિતી શાહ**
**તંત્રી**
**ઇનસાઇટ - ધી કન્ઝ્યુમર મેગેઝીન.**

## બિડાણ:- ગુણાંક અને ક્રમાંક અને ખરીદી માટે ઉત્તમ અંગેની સારણી.

## પરિક્ષણમાં લીધેલ બ્રાન્ડઝ

પરિક્ષણમાં જે બ્રાન્ડઝ લીધેલ તેમાં **"ગાય છાપ"**, **"બી.એચ.-મોદી"**, **"લાકડાજી"**, **"જનતા બજાર,"**, **"ચાહત"**, **"સ્વસ્તિક"**, **"શ્રેષ્ઠ"**, **"ગોપાલ"**, **"મેડમ"**, **"ગૃહસ્થી"**, **"શક્તિભોગ"** અને **"રાજધાની"** બ્રાન્ડઝ હતી.

જ્યારે છૂટા નમુનાઓ અમદાવાદમાંથી જ્યાંથી ખરીદેલ તેમાં **"લલીતા ફેકટરી"** અને **"જયઅંબે આટામીલ"ના** હતા.

સદર સર્વે બ્રાન્ડઝ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક સ્તરે સવિશેષ પ્રમાણમાં વપરાતી બ્રાન્ડઝનું પ્રતિનિધિત્વ કરે છે. પરિક્ષણ માટે પ્રત્યેક બ્રાન્ડઝનાં દસ-દસ નમુનાઓ લીધા હતા. દરેક પરિક્ષણો બબ્બે વખત કરાએલ અને નમુનાઓ પર દર્શાવેલ વાપરવાની અવધિ દરમ્યાન જ કરાયા હતા.

## માનકો

ખોરાકી ચીજોમાં ભેળસેળ અટકાવવાનો ધારો (PFA Act), એગમાર્ક અને ભારતીય માનક બ્યૂરોનાં બેસન વિશેનાં ઠરાવેલા ધોરણો સામે અમે પરિક્ષણ કરેલ હતું.